# ટપક E-MAGAZINE

Volume 3, Issue 8

November

2025



૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત


**૦૪ થી ૦૬ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન કાર્યક્ષેત્રના બાળકો માટે 'લર્નિંગ એન્ડ ઇનોવેશન વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ૫૫ જેટલા બાળકો ઉપસ્થિતિ રહ્યા હતા. ત્રણેય દિવસ દરમિયાન બાળકો સાથે વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી, જેના માધ્યમથી તેમની શીખવાની અને નવીનતા તરફની દૃષ્ટિ વિકસાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો.**
















ટપક E-MAGAZINE

Volume 3, Issue 8

November 2025

**INGJ14-ટીંબી પ્રોગ્રામમાં તા. ૧૧ થી ૧૩ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન બેટર કોટન ફાર્મર તાલીમ કાર્યક્રમ માટે ત્રણ દિવસીય સર્વેલન્સ મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું છે. અંકિતા મલિક, નિરીક્ષક એવા લૈલા સમેચેલીયા (વૈશ્વિક) અને મુસ્તાક શેખ (અનુવાદક) એ પ્રોજેક્ટ ટીમ અને પ્રોજેક્ટ વિસ્તારની મુલાકાત લીધી.**









**INGJ45ની ટીમે ચિતલ, જસવંતગઢ અને મોણપુર ગામના ૧૩૦ ખેડૂતોને કુદરતી ખેતીમાં જોડ્યા. ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ આત્મા પ્રોજેક્ટના સંકલન સાથે મોણપુર ગામમાં કુદરતી ખેતી અંગે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.**



ટપક E-MAGAZINE
Volume 3, Issue 8
November 2025

**નવેમ્બર મહિના દરમિયાન બેટર કોટન કાર્યક્રમમાં કૂવાનું નિરીક્ષણ, પ્રાથમિક સારવાર કીટ વિતરણ, એલજી ખેડૂત સભા, ખેત મજુર તાલીમ, નિદર્શન પ્લોટ અને મોડેલ ફાર્મ મુલાકાત, ઉદ્યોગસાહસિક મુલાકાત, ફરિયાદ બોક્સનું નિરીક્ષણ, જીનર સાથે મીટીંગ વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.**





















ટપક E-MAGAZINE

Volume 3, Issue 8

November 2025

## નવી વાજડી ખાતે બાળ દિવસની ઉજવણી કરવામાં આવી.



## કુદરતી ખેતી અને ટકાઉ ખેતી અંગે કેન્દ્ર નિવાસ માટે IRMA થી આવેલા વિદ્યાર્થીઓ માટે ચર્ચા અને કાર્ય વિસ્તારની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું.



**કન્વર્જન્સ પ્રવૃતિઓ અંતર્ગત ATMA સાથે રહી જરખીયાના ૫ ખેડૂતો માટે રવિપાક ઘઉં અને ચણાના પ્રદર્શન, GNFSU સાથે રહી કુદરતી ખેતીમાં PMDS અને મિશ્ર પાકના ૧૫ ડેમોનું આયોજન, ગળકોટડી ગામમાં મહિલા વૃત્તિકા યોજના હેઠળ ૩૩ મહિલાઓને બે દિવસની તાલીમ આપવામાં આવી. RSETI સાથે જોડાણ કરી તાતણીયા ખાતે યુવતીઓને સ્વરોજગાર અંગે તાલીમ આપવામાં આવી.**







**LEDP કાર્યક્રમમાંથી શેખ પીપરિયા અને ચિતલની ૭૧ મહિલાઓએ જામનગરના વાડીનાર ખાતે મલ્ટી સ્કીલ ટ્રેનિંગ સેન્ટરની મુલાકાત લીધી અને તેમના વેપાર માટે માર્ગદર્શન મેળવ્યું.**















## ૨૦૨૫-૨૬ દરમિયાન કુદરતી ઈનપુટ માટે ત્રણ પસંદ કરેલા ગામો દામનગર, ગરણી અને લાઠીના ખેડૂતોને ૬૦ કિલો અળસિયાનું વિતરણ કરવામાં આવ્યું.



## ISR કાર્યક્રમ (ગોંડલ) માં વિવિધ તાલીમો

### ૨ તાલુકાના ૭૦ સહભાગીઓ સાથે જીપીડીપી તાલીમ.





ટપક E-MAGAZINE

Volume 3, Issue 8

November 2025

## કોમન રિસોર્સ મેનેજમેન્ટ પ્લાન વિકસાવવા 30 સહભાગીઓ સાથે તાલીમ.






**૪ ગામોમાં ૧૩૦ સહભાગીઓ સાથે પોષણ તાલીમ સફળતાપૂર્વક યોજાઈ. આ તાલીમમાં શાકભાજી આરોગ્ય અને સંતુલિત આહારને કેવી રીતે ટેકો આપે છે તે રજુ કરવામાં આવ્યું હતું. આ તાલીમનો ધ્યેય મહિલાઓમાં જાગૃતિ લાવવા, તેમનાં જ્ઞાનને વધારવા અને ઘરમાં બાગકામને પ્રોત્સાહન આપવાનો હતો.**



## મહિના દરમિયાન ૨ ગામોમાં ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા માટે ૮ તાલીમો પૂર્ણ કરી છે જેમાં ૫૮ મહિલા સહભાગીઓ બની.




## ગોંડલ ક્લસ્ટરના ૫ ગામોમાં ૧૩૨ મહિલાઓએ એથનો-પશુચિકિત્સા કૌશલ્ય તાલીમમાં ભાગ લીધો હતો.



ટપુક E-MAGAZINE
Volume 3, Issue 8
November 2025

## પ્રોજેક્ટ વિસ્તારના ૧૭ ગામોના ૨૮૪ ઘરોમાં RNG કીટનું વિતરણ કરવામાં આવ્યું.






૨૦ ગામોમાં ૭૦૬ ખેડૂતો માટે કૃષિ તાલીમ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના કૃષિ અધિકારી શ્રી ભાવેશ પીપળીયા અને કોટડા તાલુકાના વિસ્તરણ અધિકારી શ્રી એ. જે. મુલિયાએ શિયાળુ પાક ધાણા અને જીરું વિશે જમીન વ્યવસ્થાપન, બીજ પસંદગી, વાવણીનો સમય, સિંચાઈ અને રોગો અને જીવાતો સહિત વિગતવાર માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમ ડિજિટલ યુટ્યુબ પ્લેટફોર્મ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો, જે દરમિયાન ખેડૂતોએ તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો અને પ્રશ્નો પૂછ્યા હતા.









## ૧૦ ગામોની ૧૮૧ મહિલાઓને તેમના ઘરેણાંના કામમાં સુધારો કરવા માટે ટેબલ આપવામાં આવ્યા.










## નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન IDALE કાર્યક્રમ વિસ્તારમાં નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી

### ૨૧ ઘરોના પશુઓમાં કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું.





ટપક E-MAGAZINE

Volume 3, Issue 8

November 2025

## ૫ ગામના ૪૩૫ ખેડૂતો સાથે શિયાળુ પાક પર તાલીમ અને કાર્યશાળા









## ૫ ગામના ૪૮ સમુદાય આગેવાનો સાથે સમિતિઓની બેઠકો અને FGD સત્રો યોજાયા.







## ૧૪ સહભાગીઓ સાથે MIS પર પ્રોજેક્ટ મેનેજમેન્ટ ટીમનું ૨-દિવસીય ત્રિમાસિક ક્ષમતા નિર્માણ તા. ૧૪ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન અમરેલી ખાતે યોજાયું.













## અમદાવાદ ખાતે પ્રોજેક્ટની ગોઠવણી અને કામગીરીની સમીક્ષા માટે તા. ૧૮ થી ૨૦ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન ૩ દિવસીય વર્કશોપ યોજાયો.







ટપક E-MAGAZINE
Volume 3, Issue 8
November 2025

## લીડ ફાર્મર્સ માટે એફપીસી અંગે તા. ૨૭ થી ૨૯ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન હરિરાજ હોલ, અમરેલી ખાતે તાલીમ યોજવામાં આવી.



Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org Search for the org with its GSN or IT PAN on GuideStar India